# આજે શહેરમાં વિશ્વ ચકલી દિવસની જોશભેર ઉજવણી કરાશે

**સવારે હેપ્પી યુથ ક્લબ સે. ૧૬માં પાટનગર યોજના ભવન પાસે, સમ્યક યુવા ફાઉન્ડેશન ઘ-દોઢ પાસે અને ઈસીડીસી સચિવાલય પાસે ચકલીઘરનું વિતરણ કરશે : પ્રકૃતિ યુવા સેવા ટ્રસ્ટ બપોરે સે. ૨૨ માં જૈન દેરાસર પાસે પાણીના કુંડાનું વિતરણ કરશે**

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગરમાં તા. ૨૦મી માર્ચ, રવિવારે 'વિશ્વ ચકલી દિવસ'ની ઉજવણી જોશભેર



કરવામાં આવશે. આ નિમિત્તે શહેરની વિવિધ પર્યાવરણપ્રેમી સંસ્થાઓ દ્વારા ચકલીના માળા અને પાણીના કુંડાના વિતરણ સહિતના સેવાકાર્યો હાથ ધરવામાં આવ્યાં છે.

વિશ્વ ચકલી દિવસ નિમિત્તે શહેરમાં હેપ્પી યુથ ક્લબ દ્વારા આજથી ''હેપ્પી સ્પેરો વીક-૨૦૨૨''નો પ્રારંભ કરવામાં આવ્યો છે જેમાં સેક્ટર-૧૨માં બલરામ મંદિર ખાતે હેપ્પી ચકલીઘરનું વિતરણ કરવામાં આવ્યું હતું જેની પૂર્વ મેયર પ્રવિણભાઈ પટેલે મુલાકાત લીધી હતી. આ સાથે તા. ૨૦ માર્ચ રવિવારે હેપ્પી યુથ ક્લબ દ્વારા સેક્ટર-૧૬માં પાટનગર યોજનાભવન ખાતે સવારે ૮.૩૦ થી ૧૦ કલાક દરમ્યાન હેપ્પી ચકલીઘરનું નિઃશુલ્ક વિતરણ કરાશે.

આ ઉપરાંત શહેરમાં એનવાર્યમેન્ટ કેર એન્ડ ડેવલોપમેન્ટ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સચિવાલય પાસે રવિવારે સવારે ચકલીઘરનું વિતરણ કરવામાં આવશે. શહેરના સમ્યક યુવા ફાઉન્ડેશન દ્વારા પણ ઘ-દોઢ બસસ્ટેન્ડ પાસે સવારે ૯.૧૫ કલાકે ચકલીના માળા અને પાણીના કુંડાના વિનામૂલ્યે વિતરણનું આયોજન કરવામાં આવ્યું છે. રવિવારે બપોરે ૩ કલાકે સેક્ટર-૨૨માં જૈન દેરાસર પાસે પ્રકૃતિ યુવા સેવા ટ્રસ્ટ દ્વારા પણ પાણીના કુંડાનું તથા ''હેપ્પી ચકલી ઘર''નું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવશે. આ સાથે શહેરમાં આહિર યુવા ફોરમ સહિત અન્ય સંસ્થાઓ દ્વારા પણ બર્ડ રીડર તથા ચકલીના માળાના વિતરણ જેવા આયોજનો હાથ ધરવામાં આવ્યાં છે.

# બ્લડ ડોનેશન કેમ્પના રેકોર્ડ બદલ કેપીટલ રોટરી કલબને ટ્રોફી એનાયત

ગાંધીનગર, તા.૧૯

રાષ્ટ્રીય સ્તરે કાર્યરત નેશનલ ઈન્ટીગ્રેટેડ ફોરમ ઓફ આર્ટીસ્ટ એન્ડ એકટીવીસ્ટ સંસ્થા દ્વારા ગત વર્ષે સમગ્ર રાષ્ટ્રમાં ૨૮ રાજયમાં, ૮ યુનિયન ટેરીટરીઝમાં ૧૫૦૦ સ્થળોએ એક સાથે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન થયું હતું. જે અંતર્ગત ગાંધીનગર ખાતે યોજાયેલ કાર્યક્રમમાં રોટરી કલબ ઓફ કેપિટલ, ગાંધીનગર સહભાગી થઈ હતી. ૯૦૦૦૦થી પણ વધારે રકતની બોટલો એક જ દિવસમાં એકત્ર થઈ હતી. જેની નોંધ વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ દ્વારા પણ લેવામાં આવી હતી.

તાજેતરમાં યોજાયેલા એક કાર્યક્રમમાં ગુજરાત રાજયના રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના વરદ હસ્તે રોટરી કલબ ઓફ કેપિટલ ગાંધીનગરને વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ લંડન દ્વારા પ્રમાણિત સર્ટીફીકેટ અને ટ્રોફી તેમજ નેશનલ ઈન્ટીગ્રેટેડ ફોરમ ઓફ આર્ટીસ્ટ એન્ડ એકટીવીસ્ટ દ્વારા ઈન્ટરનેશનલ લાઈફ સેવર એવોર્ડ આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

રોટરી કલબ ઓફ કેપિટલ, ગાંધીનગર વતી એવોર્ડ તેમજ સર્ટીફીકેટ સંસ્થાના સેક્રેટરી પાર્થ ઠક્કર દ્વારા સ્વીકારવામાં આવ્યો હતો.

## જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓ માટે નિઃશુલ્ક નોન બેકિંગ ફાઈનાન્સીયલની વ્યવસાયલક્ષી તાલીમ કોર્ષનો પ્રારંભ

ગાંધીનગરમાં સેક્ટર-૨૬ની જીઆઈડીસી ખાતે ગ્રીનફિલ્ડ કંટ્રોલ સીસ્ટમ (આઈ) પ્રાઈવેટ લિમીટેડ, DDU-GKY જી.એલ.પી.સી, ગવર્મેન્ટ ઓફ ગુજરાત, તથા મીનીસ્ટ્રી ઓફ રૂરલ ડેવલોપમેન્ટ દ્વારા નોન બેકિંગ ફાઈનાન્સીયલ કંપનીને લગતા ત્રણ મહિનાના નિઃશુલ્ક કોર્ષ શરુ કારવામાં આવ્યા છે.

આ કોર્ષમાં તેમને માર્કેટિંગલક્ષી, બિઝનેસ કોરસપોન્ડન્સ, ઈક્વિટી ડીલર, મ્યુચ્યુઅલફંડ વિષયો ભણાવવા સાથે કોમ્પ્યુટર અને સોફ્ટ સ્કીલની પણ તાલીમ આપવામાં આવી રહી છે, અને આ તાલીમ બાદ વિદ્યાર્થીઓને નોન બેકિંગ ફાઈનાન્સીયલ કંપની નોકરી અપાવવામાં મદદ કરવામાં આવી રહી છે. આ કોર્ષમાં બી.પી.એલ. (BPL) કાર્ડ ધારક અથવા જોબકાર્ડ, મનરેગાકાર્ડ, કે ઈ-શ્રમ કાર્ડ ધારક, વિદ્યાર્થી જેને ઓછા માં ઓછુ ૧૦ પાસ કરેલ હોય તથા જેમની ઉંમર ૧૮ થી ૩૫ વર્ષના હોય તેવા ગાંધીનગર તથા અમદાવાદ જીલ્લાના વિદ્યાર્થીઓના રજીસ્ટ્રેશન કરવામાં આવે છે. આ સાથે વિદ્યાર્થીઓને ભણવા માટેના પુસ્તક, ગણવેશ, અને કોર્ષ દરમ્યાન ટેબ્લેટ પણ આપવામાં આવશે સાથે સાથે જેટલા દિવસની હાજરી હશે એટલા દિવસનું ભાડુ ભથ્થું પણ વિદ્યાર્થીના બેંક ખાતામાં જમા કરવામાં આવશે તેવું અખબારી યાદીમાં જણાવાયું છે. આ કોર્ષ માર્યાદિત બેઠકો સાથે શરુ કરવાનો હોવાથી વહેલા તે પહેલાના ધોરણે મો.નં. ૮૭૯૯૩૨૨૪૭૪ અથવા સેક્ટર-૨૬માં જીઆઈડીસી ઈલેક્ટ્રોનિક એસ્ટેટમાં ગ્રીનફિલ્ડ કંટ્રોલ સીસ્ટમ (આઈ) કંપનીનો ઈ-૭૨ શેડ ખાતે સંપર્ક સાધવા જણાવાયું છે.

## ખૂણેખાંચરેથી

- કોલવડા વડીયા તળાવને ઊંડુ કરવાના આજે યોજાયેલ કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે શહેર ભાજપના પ્રમુખનું નામ બોલવામાં ભુલ કરી હતી. રૂચિર ભટ્ટને બદલે રૂચિર પટેલ બોલ્યા હતા.
- સુજલામ સુફલામના આરંભ કરાવતા કાર્યક્રમમાં જિલ્લા ભાજપ પ્રમુખ અનિલ પટેલ કાર્યક્રમ શરૂ થઈ ગયા બાદ કાર્યક્રમ સ્થળે પહોંચ્યા હતા.
- સુજલામ સુફળામ-૫ નો ગાંધીનગર શહેરમાંથી આરંભ થતો હોવા છતાં કાઉન્સીલરોની હાજરી પણ ઓછી હતી.
- ગાંધીનગર ઈલેક્ટ્રોનિક એસ્ટેટમાં માર્ગ-રીપેરીંગનું કામ ધીમી ગતિએ ચાલતુ હોવાથી આજે વડીયા તળાવ પહોંચવામાં સૌ વાહન-ચાલકોને હાલાકી પડી હતી.
- ગાંધીનગર શહેરમાં ગરમીનો પ્રકોપ વધતાં સરકારી કચેરીઓની મુલાકાતે આવતા લોકોની સંખ્યામાં ઘટાડો થયો છે.
- સે. ૨૨ સહિત જુના સેક્ટરોમાં ડોર ટુ ડોર કલેક્શન માટેની ગાડીઓની અનિયમિતતા હવે લોકજીભે ચર્ચાનો મુદ્દો બની છે.
- જિલ્લા ફરિયાદ નિવારણ અને સંકલન સમિતિની બેઠક અધિક નિવાસી કલેક્ટર સુશ્રી રિતુસિંઘના અધ્યક્ષપદે મળી હતી.
- ધૂળેટી પર્વ પર જાહેરમાર્ગો પર પડેલા રંગોની સફાઈ મનપાના તંત્ર દ્વારા આજે પણ નહિ થઈ હોવાથી સઘન સફાઈ અભિયાનનો પરપોટો ફુટી જવા પામ્યો છે.
- કોલવડા ખાતે યોજાયેલ સુજલામ સુફલામના કાર્યક્રમમાં કલેક્ટર-કમિશનરની ગેરહાજરી વર્તાતી હતી.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




કાલે કલરનો ખર્ચો જ ન કર્યો... બધી સેનેટાઈઝરની બોટલ વપરાઈ ગઈ...


## ઈ-ટેન્ડરીંગ જાહેર નિવિદા

વર્ષ-૨૦૨૧-૨૨

ગાંધીનગર મહાનગરપાલિકા

બહુમાળી ભવન, બી-બ્લોક, પ્રથમ માળ, સેક્ટર-૧૧, ગાંધીનગર

ગાંધીનગર મહાનગરપાલિકા ખાતે નીચે દર્શાનેલ ટેન્ડર મુજબના કામે પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઠરાવેલ ઈ-ટેન્ડરોમાં ભાવો મંગાવવામાં આવે છે.

| ટેન્ડર નંબર | કામનું નામ | ટેન્ડર ફી | ઈ.એમ.ડી. |
|---|---|---|---|
| ૫૨/૨૦૨૧-૨૨ | Construction of Shelter Home of Bedded Dormitory for Urban Homeless at FP-304 for GMC at Gandhinagar (2nd trial) | રૂ. ૬૦૦૦/- | રૂ. ૪,૨૬,૮૬૬/- |
| ૫૧/૨૦૨૧-૨૨ | Construction of Urban Building at Kudasan & Vavol at Gandhinagar for GMC (2nd trial) | રૂ. ૩૬૦૦/- | રૂ. ૨,૦૬,૬૦૦/- |
| ૪૦/૨૦૨૧-૨૨ | Construction of Water Distribution Station with Electrical & Mechanical Work Including O & M for 2 years in FP-133 of TP-303 of GMC Area (2nd trial) | રૂ. ૧૨,૦૦૦/- | રૂ. ૯,૬૪,૬૦૯/- |
| ૩૫/૨૦૨૧-૨૨ | Providing and Laying Water Supply & Sewerage Network in Bhat Gamtal of GMC Area (2nd trial) | રૂ. ૧૨,૦૦૦/- | રૂ. ૯,૬૫,૫૫૩/- |
| ૦૭/૨૦૨૨-૨૩ | Construction of new Roads and Repairing Damage Roads in various Villages in GMC Area | રૂ. ૧૮,૦૦૦/- | રૂ. ૧૦,૮૩,૦૦૬/- |

ટેન્ડર ફોર્મ તા. ૨૧/૩/૨૦૨૨ થી તા. ૧૧/૪/૨૦૨૨ સુધી સમય ૧૭:૦૦ કલાક સુધી ઓનલાઈન વેબસાઈટ www.nprocure.com પરથી ડાઉનલોડ કરી ઓનલાઈન ભરી શકાશે.

ટેન્ડરપ બીડના જરૂરી આધાર માટેના તમામ ડોક્યુમેન્ટ ઓનલાઈન ઈલેક્ટ્રોનીક ફોર્મેટમાં સ્કેન કરી મોકલવાના રહેશે. ટેકનીકલબીડ અને ટેન્ડર ફીની રકમ તથા ઈ.એમ.ડી.ના ડીમાન્ડ ડ્રાફ્ટ નાયબ મ્યુનિસિપલ કમિશનરના નામે તા. ૧૨/૪-૨૦૨૨ થી ૧૯/૪/૨૦૨૨ સમય ૧૭:૦૦ કલાક સુધીમાં રજીસ્ટર પોસ્ટથી મોકલવાના રહેશે તે પ્રમાણે જે ઓફરો મળે હશે તે જ ખોલવનામાં આવશે.

ઓનલાઈન ઓપનીંગ તા. ૨૦/૪/૨૦૨૨ કરવામાં આવશે.

સહી/-
મ્યુનિસિપલ કમિશનર
ગાંધીનગર

માહિતી/૩૪૪૬/૨૧-૨૨



આઝાદી નો અમૃત મહોત્સવ

સત્યમેવ જયતે ગુજરાત સરકાર

ગુજરાત બજેટ 2022-2023

# ગરવી ગુજરાતની નવી ઓળખાણ સશક્ત મહિલા, સ્વસ્થ બાળ

## મહિલા અને બાળ વિકાસ વિભાગ માટે કુલ ₹4,976 કરોડ



### મહિલા અને બાળ વિકાસ

''સુપોષિત માતા–સ્વસ્થ બાળ યોજના'' માં પરિવારદીઠ 1 હજાર દિવસ સુધી દર મહિને 1 કિલો તુવેર દાળ, 2 કિલો ચણા અને 1 લીટર ખાદ્યતેલ વિનામૂલ્યે આપવા આગામી વર્ષમાં ₹811 કરોડ વપરાશે

''આંગણવાડી કાર્યક્રમ''માં બાળકોનાં પોષણ, પૂર્વ શિક્ષણ અને અન્ય સુવિધાઓ માટે ₹1,153 કરોડ વપરાશે

આદિજાતિ વસ્તીનું બાહુલ્ય ધરાવતા 72 તાલુકામાં સગર્ભાઓને પૂરક પોષણ આપતી ''પોષણ સુધા યોજના''ના વિસ્તરણ અર્થે તથા પ્રતિ વ્યક્તિ થતા ખર્ચમાં 50 ટકાના વધારા સાથે ₹118 કરોડ વપરાશે

11 લાખ ''ગંગા સ્વરૂપા બહેનોની સહાય'' અર્થે ₹917 કરોડ વપરાશે

11 થી 18 વર્ષની કિશોરીઓના પોષણ અને આરોગ્યલક્ષી શિક્ષણ અર્થે ''પૂર્ણા યોજના''માં ₹365 કરોડ વપરાશે

''વ્હાલી દીકરી યોજના'' અંતર્ગત 1 લાખ જેટલી દીકરીઓને વિવિધ તબક્કે ₹1 લાખ સુધીની નાણાકીય સહાય આપવા માટે એલ.આઈ.સી.નું પ્રીમિયમ ભરવા અર્થે ₹80 કરોડ ખર્ચાશે

ગ્રામ્ય તથા શહેરી વિસ્તારોમાં નંદઘર બાંધકામ સાથે અન્ય માળખાકીય સુવિધાઓ માટે ₹31 કરોડ ખર્ચાશે

**1,000 દિવસની કાળજી જીવનભર મા–બાળક રાજી**

સુપોષિત માતા, સ્વસ્થ બાળ, દેશના ભાવિનું કલ્યાણ

